## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



રેડીયામાં ન્યુઝ સાંભળવા નાહકનો સમય બરબાદ ન કરશો... આમાં કોરોના થયો, મટી ગયો, મરી ગયાનાં મોટા મોટા આંકડા આપી સમાચાર પુરા કરશે...!!

# સુર્યાંશ રેસીડેન્સીના નામે કરોડો રૂપીયાનું ફુલેકુ ફેરવનાર સુરજ પાંડે સામે ફરિયાદ

**વર્ષ ૨૦૧૩માં લેકાવાડા ખાતે સુર્યાંશ રેસીડેન્સી નામે પ્લોટની સ્કિમ બહાર પાડી હતી, સુરજ પાંડે એ એક પ્લોટ બે વ્યકિતને વેચાણ કર્યા હોવાનું પણ સામે આવ્યું છે, ૫૦થી ૬૦ પ્લોટ હોલ્ડર પાસેથી ૬.૫૦ કરોડથી વધુ ખંખેર્યા**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક લેકાવાડા ગામની જમીન પર સુરજ પાંડે અને તેના મળતીયાઓ દ્વારા સુર્યાંશ રેસીડેન્સી સ્કિમ બહાર પાડી હતી. જમીન માલિક ખેડુત પાસેથી જમીનની પાવર ઓફ એટર્ની, સમજુતી કરાર, ડેવલપમેન્ટ કરાર, બાનાખત કરાર કરાવી દીધા હતા. ત્યારે આ સ્કિમનો ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ ખાતે પ્લાન પણ પાસ થયો ન હતો. તો બીજીતરફ જમીન પર સ્કિમના જાહેરાતના બોર્ડ લગાવી જાહેરાતો આપીને બ્રોસર બહાર પાડ્યા હતા. વર્ષ ૨૦૧૩ થી અંદાજીત ૫૦ થી ૬૦ પ્લોટ હોલ્ડરો પાસેથી રોકડા અને ડીઝાયર ઈન્ફ્રાસ્ટ્રકચરના નામે બેંકના એકાઉન્ટ, આરટીજીએસ દ્વારા રૂ.૬,૫૩,૬૪,૮૦૦ રૂપીયા પડાવી લીધા હતા. સુરજ પાંડેએ પ્લોટના દસ્તાવેજ પણ કરી આપ્યા ન હતા અને પ્લોટ હોલ્ડર રૂપીયા માંગતા તે પણ પરત આપ્યા ન હતા. ત્યારે એક જ પ્લોટ બે બે વ્યકિતને પણ વેચાણ કર્યા હોવાનું સામે આવ્યું છે. જયારે આલમપુર ગામે પણ જમીન ન હોવા છતા રહેણાંક સ્કિમના પ્લોટ પાડી તે પૈકી પ્લોટ નં.૧૧૨ નો વેચાણ કરાર નોટોરાઈઝ ડોક્યુમેન્ટો ખોટા અને બનાવટી હોવા છતા સાચા તરીકે ઉપયોગ કરી પ્લોટ હોલ્ડરો સામે કરોડો રૂપીયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા સેકટર-૮ ના રહીશે જિલ્લા કલેકટર કચેરી ખાતે અરજી કરી હતી તેની તપાસ બાદ સેકટર-૭ પોલીસ મથકે સુરજ પાંડે (શરણ રેસીડેન્સી ઈ.૧૦૧ સરગાસણ)સામે ફરીયાદ નોંધાતા કાયદેસરની કાર્યવાહી કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના કુડોલ ગામના ૪૭ વર્ષિય ચંદુભાઈ ભીમજીભાઈ પટેલ શહેરના સેકટર-૮ બ્લોક નં.૧૨૮-૨ ઘ ટાઈપ ખાતે પરિવાર સાથે રહે છે અને એસબીઆઈ બેંક ખાતે આર્મ ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. અત્યારે હાલના સમયે સરગાસણ શરણ રેસીડેન્સી ઈ.૧૦૧ ખાતે રહેતો સુરજ ચંદ્રકાંત પાંડે એ લેકાવાડા ગામની જમીન પર સુર્યાંસ રેસીડેન્સી નામે પ્લોટની સ્કિમ બહાર પાડી હતી. આ અંગે બિલ્ડરે સ્કિમની જાહેરાત કરતા ફરીયાદીને પ્લોટ ખરીદી મકાન બનાવવાની ઈચ્છા હોવાથી વર્ષ ૨૦૧૫માં સેકટર-૨૧ ખાતે બિલ્ડરની ઓફિસ ખાતે બિલ્ડર સુરજ પાંડેનો સંપર્ક કર્યો હતો અને માહિતી મેળવી હતી. ત્યારે સુરજ પાંડે એ વિવિધ કરારના કાગળો બતાવી મોટાભાગના પ્લોટનું વેચાણ થઈ ગયા હોવાનું જણાવી આ સ્કિમમાં પ્લોટ રાખશો તો ભવિશ્ષ્યમાં ફાયદો થશે. ત્યારબાદ ફરીયાદી સ્થળ પર જઈને સ્કિમ જોવાનું જણાવતા તેઓને લેકાવાડા લઈ ગયા હતા.જયાં જમીન પર બોર્ડ લગાવેલા હતા અને કંમ્પાઉન્ડ વોલ કરી હતી. જેથી ફરીયાદીને ૧૧૮ વારનો પ્લોટ નં.૧૬ પસંદ પડ્યો હતો.ત્યારબાદ સેકટર-૨૧ ઓફિસ ખાતે પ્લોટના ભાવતાલ નક્કી થયા મુજબ રૂ.૧૨ લાખમાં પ્લોટ નક્કી થયો હતો. ફરીયાદીએ ટોકન પેટે રૂ.૧ લાખ રોકડા અને રૂ.૧૧લાખ બિલ્ડરના બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાં આરટીજીએસથી જમા કરાવ્યા હતા. ત્યારબાદ ફરીયાદીએ પૈસાની પહોંચ માંગ કરતા તમામ એક સાથે આપશે તેમ કહ્યું હતું.જયારે દસ્તાવેજ કરી આપવાનું કહેતા ખેડુત પાસેથી દસ્તાવેજ કરવાનો બાકી છે ત્યારબાદ દસ્તાવેજ કરી આપીશ તેમ જણાવી બિલ્ડર સુરજ પાંડે સમય પસાર કરતો હતો.ત્યારબાદ સુરજ પાંડેએ પ્લાન બદલવો પડશે તેમને પ્લોટ નં.૨૭ આપીશ તેમ બીજા રૂ.૮૦ હજાર આપો એટલે તેનો દસ્તાવેજ કરી આપુ કહેતા બીજા રોકડા ર.૨૦ હજાર આપ્યા હતા.ત્યારબાદ ફરીયાદીએ વારંવાર દસ્તાવેજ માટે દબાણ કરતા હતા અને દસ્તાવેજ ન કરી આપો તો પૈસા પરત આપો તેમ કહેતા બિલ્ડર સુરજ પાંડેએ કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. ત્યારબાદ ફરયાદીએ તપાસ કરતા સુરજ પાંડેએ લેકાવાડા ખાતે પોતાની જમીન ન હોવા છતા પોતાની ગણાવી પ્લોટ પાડી ખોટા દસ્તાવેજ ઉભા કરીને ૫૦ થી ૬૦ પ્લોટ ધારકો પાસેથી રોકડા તેમજ આરટીજીએસથી પૈસા લઈને કરોડો રૂપીયાનું ફુલેકુ ફેરવનાર સુરજ પાંડે સામે સેકટર-૭ પોલીસ મથકે ચંદુભાઈ પટેલ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત સહિતના આઉટ સોર્સિંગ કર્મયોગીઓએ તેમને થતા અન્યાયને લઈ લેખિતમાં રજૂઆતો કરી છે.
- જિલ્લામાં આજે મમતા દિવસની ઉજવણીને ધ્યાને લઈ કોરોના વેક્સિનેશન બંધ રાખવાનો નિર્ણય જિલ્લાતંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૭૮૫૧ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.
- કલોલના પૂર્વ તાલુકા વિકાસ અધિકારી મૌલિક દોંગાને ત્યાં દિકરીનો જન્મ થયો છે.
- રાજય સરકારે ગુજરાત વહીવટી સેવાના બે અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.
- કોરોનાનું સંક્રમણ ઘટતાં જ ગાંધીનગર સહિત સમગ્ર જિલ્લાના માર્ગો પર ટ્રાફિકનું ભારણ વધ્યુ છે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ફોરેન્સીક યુનિ.ના પદવીદાન સમારોહમાં હાજરી આપશે.
- રેલ્વે સ્ટેશનની આસપાસના વિસ્તારમાંથી ડેબ્રીઝને આજે દૂર કરી સ્વચ્છતા અભિયાનને મનપાએ સઘન કર્યુ છે.
- ભાજપના પ્રદેશ બેઠક દ્વારા પાંચ જેટલા વિવિધ સેલના સંયોજકોના નામ જાહેર કરાયા છે.
- કિસાન મોરચાના જિલ્લા અગ્રણી હિતેન્દ્ર પટેલે ખેડૂતોને એક કલાક વધુ વીજ પુરવઠો આપવાના સરકારના નિર્ણયને આવકાર્યો છે.
- જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભી ગૌતમ અધિકારીઓની ટીમ સાથે આજે નારદીપુરની મુલાકાતે ગયા હતા.

## ધો. ૮, ૧૦ અને ૧૨ પાસ માટે ભારતીય સેનામાં ભરતી

ઈન્ડિયન આર્મીમાં સોલ્જર જનરલ ડ્યુટી, ક્લાર્ક, ટ્રેડસમેન, ટેક્નીકલ અને સોલ્જર નર્સિંગમાં જોડાવવા માટેની રિક્રુટમેન્ટ રેલી તા. ૫-૮-૨૦૨૧ થી ૨૨-૮-૨૦૨૧ દરમ્યાન કનેલાવ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગોધરા, જી. પંચમહાલ ખાતે યોજાનાર છે. અરજી કરવા http://joinindianarmy.nic.in પર જઈ અરજી કરવાની રહેશે તથા જરૂરી સૂચનાઓ પણ આપેલ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. અરજી કરવાની છેલ્લી ૨૦-૭-૨૦૨૧ છે. અગત્યની સૂચનાઓ વિગેરેની માહિતી માટે આર્મી રિક્રુટમેન્ટ હેલ્પલાઈન નં. ૦૭૯-૨૨૮૬૧૩૩૮, ૯૯૯૮૫ ૫૩૯૨૪ નો સંપર્ક કરવાનો રહેશે. ઉમેદવાર વધુ માહિતી માટે હેલ્પ લાઈન - ૬૩૫૭૩૯૦૩૯૦ નંબર પર ફોન કરી આર્મી ભરતી વિષે માહિતી મેળવી શકે છે. જીલ્લા રોજગાર કચેરી, સી-વિંગ, પ્રથમ માળ, સહયોગ સંકુલ, સે-૧૧, ગાંધીનગર કચેરીની મુલાકાત પણ લઈ શકશે.

# ગુજરાતને બિહાર સાથે સરખાવનાર ઈસુદાન ગઢવી માફી માંગે : જેએસવીપી

**સત્યાગ્રહ છાવણી ખાતે જનસંઘર્ષ વિરાટ પાર્ટીના કાર્યકર્તાઓનું વિરોધ પ્રદર્શન : ૨૦થી વધુની અટકાયત**

ગાંધીનગર તા.૦૬

આજકાલ ગુજરાતમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓના નિવેદનો ખુબ ચર્ચાસ્પદ બની રહ્યા છે. તાજેતરમાં આપ પાર્ટીમાં જોડાયેલા નેતા ઈસુદાન ગઢવીએ ×ગુજરાત બીજું બિહાર બનવા તરફ જઈ રહ્યું છે× તેવુ નિવેદન આપ્યું હતુ જેના વિરોધમાં ગાંધીનગરમાં આજે જનસંઘર્ષ વિરાટ પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા સે.૬માં સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો કર્યા હતા અને તે સાથે માંગ કરી હતી કે ૨૪ કલાકની અંદર ઈસુદાન ગઢવી માફી માંગે. જોકે ગાંધીનગર પોલીસે સૂત્રોચ્ચાર કરી રહેલા ૨૦થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી.

જનસંઘર્ષ વિરાટ પાર્ટી દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે દેખાવો દરમ્યાન જણાવાયુ હતુ કે પરપ્રાંતીયોના સંદર્ભે ઈશુદાન ગઢવી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી ખૂબ વાંધાજનક છે જે ગુજરાતની અસ્મિતાને લાંછન લગાડવા સાથે બિહારવાસીઓની આબરૂને બટ્ટો લગાડી રહી છે.



તેમની આ ટિપ્પણીથી ગુજરાતમાં વસતા બિહારવાસીઓનું અપમાન થયું છે જેથી ઈસુદાન ગઢવીએ ચોવીસ કલાકની અંદર બિહારવાસીઓની માફી માંગવી જોઈએ. આ સાથે જનસંઘ પાર્ટીના કાર્યકરોએ સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ અને વિરોધ પ્રદર્શન કર્યુ હતું તેમજ આમ આદમી પાર્ટી તેમજ ઈસુદાન ગઢવીના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ અર્જુન મિશ્રા અને પ્રદેશ પ્રવકતા નીરજ શુક્લ, હર્ષવર્ધન ત્રિવેદી ઉપરાંત કાર્યકરો અર્જુન મિશ્રા, નીરજ શુક્લ, અવિનાશ પિલ્લાઈ, હર્ષવર્ધન ત્રિવેદી સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પોતાના દેખાવ દરમ્યાન જનસંઘ વિરાટ પાર્ટીના કાર્યકર્તાઓએ ભારે સૂત્રોચ્ચાર સાથે હોબાળો મચાવતા પોલીસે વીસથી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી.

## કોલવડા ગામમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૬

ગાંધીનગર નજીક આવેલા કોલવડા હુજકોના મકાનમાં ચામુંડાપુરા ખાતે રહેતા કનકસિંહ કુંવરજી સોલંકી ડ્રાઈવીંગ કરે છે અને પોતાના પરિવાર સાથે અહી રહે છે.

કનકસિંહ ટ્રેકટર તેમજ જેસીબી મોટર સાઈકલ સહિતના વાહનો ક-૭ પાસે મુકી રાખે છે. ત્યારે દોઢ માસ અગાઉ જી.જે.૧૮.એન.૭૬૮૩ નંબરનુ બાઈક તા.૨૨-૫-૨૧ ના રોજ શુકન પાર્ટી પ્લોટ પાસે પાર્ક કર્યુ હતું.ત્યારબાદ ટ્રેકટર ચલાવી હું સાંજના ૭ વાગ્યાના અરસામાં બાઈક લઈને કનકસિંહ ઘરે ગયા હતા. ત્યારબાદ બાઈક કનકસિંહ ઘર પાસે પાર્ક કરીને લોક મારી મુક્યું હતું.

જયારે સવારે ઉઠીને જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. કોલવડા ગામમાં તેમજ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હોવા છતા બાઈક મળી આવ્યું ન હતું. જેથી કનકસિંહે પેથાપુર પોલીસ મથક ખાતે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાની રસીકરણની કામગીરી મોકૂફ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની રસીકરણની કામગીરી કરવામાં આવી રહી છે. તા. ૭ જુલાઈ, ૨૦૨૧ ના રોજ માતા અને બાળકના રસીકરણ દિવસ - મમતા ડેની કામગીરીને ધ્યાનમાં રાખીને સમગ્ર ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની રસી આપવાની કામગીરી મોકૂફ રાખવામાં આવી છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ વધુમાં જણાવ્યું છે કે વૈશ્વિક મહામારી કોરોના સામે રક્ષણ આપતી અમોધ શસ્ત્ર એવી કોરોનાની રસીકરણની કામગીરી ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નક્કી કરાયેલ ૪૦ રસીકરણ સેન્ટરો પર કરવામાં આવે છે. આ રસીકરણ કેન્દ્રો પર ૧૮ વર્ષથી ઉપરની વયના તમામ નાગરિકોને રસીકરણથી રક્ષિત કરવામાં આવે છે.

સમગ્ર ગાંધીનગર જિલ્લામાં તા. ૭ મી જુલાઈ, ૨૦૨૧ ના રોજ માતા અને બાળકના રસીકરણ દિવસ - મમતા ડેની કામગીરી કરવામાં આવનાર છે. જેથી જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારના કોરોનાના વેક્સિનેશન સેન્ટરો ખાતે તા. ૭મી જુલાઈના રોજ કોરોનાની રસી આપવાની કામગીરી મોકૂફ રાખવામાં આવી છે, જેની નોંધ સર્વે જિલ્લાના ગ્રામજનોએ લેવા અને સહકાર આપવાની અપીલ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ કરી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# સ્પર્ધાત્મક પરિક્ષાના વર્ગોને ઓફલાઈન મંજુરી આપવા મુખ્યમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા.૬

વૈશ્વિક મહામારી કોરોનાને પગલે છેલ્લા દોઢ વર્ષથી રાજયમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ સદંતર બંધ હાલતમાં છે. જેમાં સરકારી ભરતી માટે તૈયારીઓ કરાવતા કોંચીગ કલાસનો પણ સમાવેશ થાય છે. ત્યારે હાલના સમયે કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. જેને પગલે રાજય સરકારની કોવીડ ગાઈડ લાઈન મુજબ ૧૮ વર્ષથી વધુ વયના યુવા ઉમેદવારો માટે સરકારી ભરતી માટેના સ્પર્ધાત્મક પરીક્ષાના ઓફલાઈન કોચીંગ કલાસને મંજુરી આપવા માટે ગાંધીનગર કોમ્પેટેટીવ કોચીંગ કલાસ એસોસિએશન દ્વારા રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે.

ગાંધીનગર કોમ્પેટેટીવ કોચીંગ કલાસ એસોસિએશન દ્વારા ઓફલાઈન કોંચીગ કલાસ માટે મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરાઈ છે.

જેમાં લોકડાઉન ને



પગલે કોંચીગ કલાસ સંચાલકો, શિક્ષકો, તેમજ આ ક્ષેત્ર સાથે સંકળાયેલા વ્યકિતઓની આર્થિક સ્થિતિ દયાજનક બની છે. સરકારની વિવિધ સંસ્થાઓ દ્વારા ભરતી પરીક્ષાની પ્રક્રિયા શરુ કરાઈ છે. પરંતુ ઓફલાઈન કોંચીગ કલાસ બંધ હોવાથી ઉમેદવારોને તૈયારીમાં અગવડ પડી રહી છે. ઉમેદવારો મોટાભાગના ૧૮ વર્ષથી વધુ વયના હોવાથી કોરોના વેકિસન લઈ લીધી હોય તેઓને જ પ્રવેશ આપવામાં આવશે. જો રાજય સરકાર દ્વારા ઓફ લાઈન કોંચીગ કલાસને મંજુરી આપે તો એસોસિએશન દ્વારા કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે તેમ એસો.ના પ્રમુખે જણાવ્યું છે.

# હવે, રાજયમાં ૧૩મી જુલાઈ બાદ વરસાદ

**જાણિતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલની આગાહી**

ગાંધીનગર, તા. ૬

રાજયમાં હાલ વરસાદના કોઈ સંજોગો નથી. વરસાદ ખેંચાયો છે પરંતુ થોડાક જ દિવસમાં વરસાદની નવી સિસ્ટમ કાર્યરત થતા વરસાદ વરસી શકે છે. ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યુ છે. વરસાદ ખેંચાતા ખેડૂત ભાઈઓ ચિંતામાં છે પરંતુ મોડે મોડે પણ વરસાદ થવાની શક્યતા છે. બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્રમાં કોઈ સિસ્ટમ ન બનતા આવી સ્થિતિનું નિર્માણ થવામાં હતુ પરંતુ હવે બંગાળના ઉપસાગરમાં અને અરબ સાગરમાં પણ હવાના દબાણ ઉભા થશે અને વરસાદ થવાની શક્યતા રહેશે. તા. ૬ જુલાઈથી સૂર્ય પુર્નવસુ નક્ષત્રમાં આવતા વરસાદના સંજોગો ઉજળા બનશે. તા. ૧૦મી જુલાઈથી ગુજરાતમાં વરસાદની શરૂઆત થાય અને તા. ૧૩ થી ૨૦ જુલાઈમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થાય.

ઉત્તરભારતમાં ભારે ગરમી પડે અને મહત્તમ ઉષ્ણતામાન ૪૩ ડિગ્રીને પાર કરી જાય. પૂર્વ ભારતમાં વરસાદ થાય. દક્ષિણ ગુજરાતમાં વરસાદ થાય અને પછી ધીરે ધીરે ગુજરાતમાં વરસાદ શરૂ થાય.

ઉભા કૃષિ પાકોમાં તડકાના કારણે ઈયળ અને ખપેડી પડે. વિષમ હવામાનની સ્થિતિની અસર ખેતી પર પડે.



ઘ-૪ સર્કલને તોડીને અન્ડરપાસ બનાવાયો છે તેવી જ રીતે ગ-રોડ પર અન્ડરપાસ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. અન્ડરપાસ બનાવવાની કામગીરી માટે ગ-રોડને સંપૂર્ણપણે બંધ કરી ટ્રાફિકને ડાયવર્ઝન અપાયુ છે.



**સેન્ટર હેડ કેપ જેમિનીઓ શિક્ષણમંત્રી દ્વારા પ્રશસ્તિપત્ર**

ગાંધીનગરના સેન્ટર હેડ કેપ જેમિનીએ શિક્ષણમંત્રીના હસ્તે પ્રશસ્તિપત્ર મેળવ્યું છે. આશિષ બૂચ દ્વારા કોવિડ સામે લડવામાં સરકારને નોંધપાત્ર યોગદાન આપેલ છે. જેમાં ઓકિસજન કોન્સનટ્રેટર તેમજ અન્ય સામગ્રીઓનો સમાવેશ થાય છે. જેથી આશિષ બૂચને પ્રશસ્તિપત્ર આપવામાં આવેલ છે.

# નગરપાલિકા-નગર વિકાસના કામોનો મુખ્ય આધાર મુખ્ય અધિકારીઓ છે : રૂપાણી

**ગાંધીનગરમાં મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયો નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓ-ચીફ ઓફિસર્સનો એક દિવસીય વર્કશોપ**

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયની નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓ-ચીફ ઓફિસર્સને નગરપાલિકાઓનો આધાર ગણાવતાં સ્પષ્ટ મત વ્યકત કર્યો કે ગુડ ગર્વનન્સના મોડેલ તરીકે દેશમાં પ્રસ્થાપિત થયેલા ગુજરાતની આ શાખ-નામના જળવાઈ રહે અને ગુજરાત અન્ય રાજયોની તૂલનાએ શહેરી વિકાસ કામોમાં હંમેશા અગ્રીમ રહે તેવું દાયિત્વ તેમણે નિભાવવાનું છે.

રાજ્ય સરકારના શહેરી વિકાસ સવિભાગે રાજયભરની નગરપાલિકાઓના ચીફ






ઓફિસર મુખ્ય અધિકારીઓનો એક દિવસીય વર્કશોપ ગાંધીનગરમાં આયોજિત કર્યો હતો. મુખ્યમંત્રી આ વર્કશોપના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરી રહ્યા હતા.

તેમણે મુખ્ય અધિકારીઓને આહવાન કર્યુ કે સુશાસન મોડેલ અને શહેરી વિકાસની ગુજરાતની આગવી પ્રણાલિ પ્રત્યે સૌ નજર માંડીને બેઠા છે.

એટલું જ નહિ ખાસ કરીને નગરોમાં રોજી-રોટી માટે અન્ય રાજ્યોના લોકો આવીને વસતા હોય છે તે પણ જે-તે નગરની સુખ-સુવિધા, વિકાસના કામોની ગતિ-વ્યાપ જોઈને શહેરો-નગરોના વિકાસ વિશેનું પરસેપ્શન બનાવતા, આકલન કરતા હોય છે. આવા સંજોગોમાં નગરપાલિકાના મુખ્ય અધિકારીઓએ શહેરી-નગર વિકાસની ઊડીને આંખે વળગે તેવી કામગીરી કરવી એ હવેના સમયની માંગ છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે હવે કુલ વસ્તીના લગભગ ૫૦ ટકા વસ્તી નગરો-શહેરોમાં વસે છે ત્યારે અર્બન અને ગ્રામીણ વિસ્તારોનો સમ્યક, સર્વાંગી સમતોલ અને સસ્ટેઈનેબલ વિકાસ થાય તે આપણા સૌની જવાબદારી બને છે.

**Indian Institute of Teacher Education**
(State Public University of Government of Gujarat)
Near Mahatma Mandir, Kh - Road, Sector-15, Gandhinagar (Gujarat)- 382016.

**IITE invites applications on visiting basis for forthcoming B.Sc./B.A. B.Ed. (Special Education) course, subject to recognition of RCI.**

**For necessary information kindly visit our website www.iite.ac.in**

Date : 05/07/2021
Place: Gandhinagar Registrar